

# અક્રમ યુથ




દાદા ભગવાન પરિવાર
માર્ચ - એપ્રિલ ૨૦૨૫



# સંપાદકીય

"સ્વાઈપ રાઈટ" એટલે શું એ તો તમને ખબર જ હશે, રાઈટ ? આજકાલ મોટાભાગની ડેટિંગ એપનું સૌથી લોકપ્રિય ફીચર !

પણ ડેટિંગ એટલે શું ? એની વ્યાખ્યા કઈ ? ગર્લ ફ્રેન્ડ અને બોય ફ્રેન્ડ કરવા, ફોન પર લાંબી લાંબી વાતો કરવી, એકબીજાને મળવું, એકબીજા સાથે ટાઈમ સ્પેન્ડ કરવો, બહાર ફરવા જવું, મૂવિ જોવું, સાથે ભણવું એ બધું ડેટિંગ કહેવાય કે એનાથી કંઈક વધારે ? લોકો જેને ડેટ કરે એની જ સાથે મેરેજ કરવા એવું કમિટમેન્ટ આપે છે કે જસ્ટ ફોર ફન ડેટ કરતા હોય છે ? પછી બ્રેક અપ થાય ત્યારે બધી રીતે ડિસ્ટર્બ થઈ જવાય એનું શું ?

આજકાલ યુવાનોને એ માર્ગદર્શન ક્યાંયથી નથી મળતું કે ડેટ કરવાની યોગ્ય ઉંમર કઈ છે, કોઈને ડેટ કરવાથી ફાયદો થાય છે કે નુકસાન, અને ડેટિંગ કરવું જ હોય તો કયા માઈન્ડ સેટ સાથે કરવું.


આ અંક એક પ્રયાસ છે, કે જેનાથી આજના યુવાનો જે 'સ્વાઈપ લેફ્ટ', 'સ્વાઈપ રાઈટ'ના ચક્કરમાં ફસાઈ ગયા છે તેમને જ્ઞાનીઓનું સીધું અને સાચું માર્ગદર્શન મળે. આ અંક થકી યુથને સાચી દિશા મળે એ જ પ્રાર્થના સાથે.

- ડિમ્પલભાઈ મહેતા

# એમાં શું **ખોટું છે ?**

"વિહાન બેટા... જરા બે નાળિયેર લઈ આવ તો. આજે સાંજે ગણેશપૂજા છે. અને હા, તારો કુરતો ઈસ્ત્રી થઈ ગયો છે ને ?" મમ્મીએ રસોડામાંથી બૂમ પાડીને કહ્યું.

વિહાન ફોનમાં સ્વાઈપ લેફ્ટ એન્ડ રાઈટ કર્યા કરતો હતો. મમ્મીની વાત લેફ્ટ કાનમાં થઈને રાઈટ કાનમાંથી આરપાર નીકળી ગઈ.





"એ જાતે તો ઈસ્ત્રી કરવાથી રહ્યો ! આ લે વિહાન, મેં જ તારો ટ્રેડિશનલ ડ્રેસ ઈસ્ત્રી કરી દીધો છે. પ્લીઝ, ફરી પાછો જીન્સ અને હૂડવાળું ટી શર્ટ પહેરીને પૂજામાં ના આવતો !"

પપ્પાની આ વાત સાંભળીને વિહાને ફોનમાંથી માથું ઊંચું કર્યું, અને સાથે અવાજ પણ.

"ઓહ કમ ઓન પપ્પા ! કેટલું કમ્ફર્ટેબલ હોય છે જીન્સ એન્ડ ટીશર્ટ, યૂ નો ? આ કુરતો કેટલો લાંબો... ને ટાઈટ પાયજામો... આઈ ડોન્ટ લાઈક વેરિંગ ઈટ !"

"વિહાન બેટા... પૂજાના કપડાં માટે નો આર્ગ્યૂમેન્ટ. એ આપણા સંસ્કારો છે. એટલું તારે માનવાનું." મમ્મીએ સત્તાવાહી સૂર છેડ્યો.

"સંસ્કાર... સંસ્કાર... એના નામે બધું તમને ગમતું કરાવો મારી પાસે !" વિહાન બબડ્યો અને ત્યાંથી ઊભો થઈને પોતાના રૂમમાં જતો રહ્યો.

"આ વિહાન આજકાલ કોઈ વાત નથી માનતો. અને આખો દિવસ ફોનમાં જ દટાયેલો રહે છે. એની ઉંમર થઈ. મને ચિંતા થાય છે કે કોઈ લફરું તો..." મમ્મીએ ધીમેથી પપ્પાને ધીમેથી કહ્યું.

"આમ તો મને આપણા સંસ્કારો ઉપર ભરોસો છે. પણ આ કાળ એવો વિચિત્ર છે... કોલેજના છોકરાંઓ શું કરે કંઈ કહેવાય નહીં ! એટલે તું જરા એના પર ધ્યાન રાખજે." પપ્પાએ ગુસપુસ કરતા જવાબ આપ્યો.

"તમે ફાધર છો, તમે જ કંઈ કરો ને !" મમ્મીએ પપ્પાને વિનંતી કરી.

પપ્પા અચકાતા છેવટે વિહાનના રૂમમાં ગયા. બેડમાં સૂતેલો વિહાન તરત ફોન બંધ કરીને બેઠો થયો.

"વિહાન બેટા. કેવું ચાલે છે સ્ટડીઝ ?" વિહાને માથું ધૂણાવીને "ઓકે." કહ્યું. એને મનમાં વિચાર આવ્યો કે અચાનક પપ્પા આમ વાતો કરવા કેમ આવ્યા હશે ? પપ્પાએ વાત આગળ વધારી.

"બેટા... તારી ઉંમરે અમારી પાસે ફોન નહોતો. હું ને મોટાભાઈ બે છોકરાંઓ ઘરમાં. એમાંય અમારા બાપુજી તો એટલા કડક હતા કે એક દિવસ મોટાભાઈને કોઈ છોકરી સાથે જોયા હશે. તો સાંજે એમનું આવી બન્યું ! પણ હવે સમજાય છે કે એ એમની ફરજ હતી, અને અમે પણ એમના સંસ્કારો ક્યારેય લજવ્યા નથી. છેલ્લે એમની સંમતિથી પસંદના પાત્ર સાથે લગ્ન પણ થયા."

"પપ્પા આ બધું તમે મને... ?" વિહાને કંટાળીને પૂછ્યું.

"એટલે કહું છું વિહાન બેટા કે તારી પણ ઉંમર થઈ. આજકાલ જે ડેટિંગ ને બધું ચાલે છે એ બરાબર નથી. તને કોઈ ગમતું હોય તો મને સામેથી આવીને કહેજે. આપણે યોગ્ય ઉંમરે લગ્નની વાત માંડીશું. ભણવાની ઉંમરે ભણી લે તો સારું."

"વોટ્સ રોંગ વિથ સ્ટડીઝ ? બધું બરાબર તો ચાલે છે ! અને લગ્ન ? ઓહ કમ ઓન પપ્પા ! એમ કોઈને બરાબર ઓળખ્યા વગર મેરેજ થોડા થાય ?" વિહાન અકળાયો. પપ્પાને મૂંઝવણ થઈ કે વાત આગળ કઈ રીતે વધારવી, એટલે રમૂજી વળાંક આપતા બોલ્યા,

"ઓળખવામાં તો આખી જિંદગી ઓછી પડશે વિહાન બેટા. હું હજુય તારી મમ્મીને પૂરું નથી ઓળખ્યો !" અને ખડખડાટ હસ્યા. વિહાન પણ એમને જોઈને



લૂખૂ હસ્યો અને વાતને વિરામ મૂકાયો.

પપ્પા રૂમની બહાર ગયા એટલે વિહાને તરત એના ફ્રેન્ડ કબીરને ફોન લગાવ્યો.



"કબીર... લિસન... ઈટ્સ નોટ હેપનિંગ. યાર ! પપ્પા છે કે CCTV કેમેરો ! હું શું કરું છું, ક્યાં જાઉં છું, કોને મળું છું, એના ઉપર વોચ રાખે છે."

"તને કેવી રીતે ખબર ?" કબીરે પૂછ્યું.

"અરે, પપ્પા હમણાં આવીને કહી ગયા કે કોઈ ગર્લ ફ્રેન્ડ હોય તો કહેજે ! યાર... હાઉ ડઝ હી નો ?" વિહાન અકળાતા બોલ્યો.

"હમમ... કદાચ એ તને આજકાલ સ્વાઈપ લેફ્ટ એન્ડ રાઈટ કરતા જોઈ ગયા હશે."

"નો વે... હું એમની સામે એપ ખોલતો જ નથી." વિહાને કોન્ફિડન્સથી કહ્યું.

"તો એ તને શાલ્વી સાથે વાતો કરતા જોઈ ગયા હશે !" કબીરે તર્ક કર્યો.

"યાર કબીર, શાલ્વીને ખાલી કેફેમાં મળું છું ને વાતો જ કરું છું. મને ગમે છે એ. પણ એ તો ફ્રેન્ડ સાથે પણ મળતા હોઈએ. એમાં પપ્પા આવું બધું કેમ પૂછે છે ? હવે શાલ્વીને મળવા માટે પપ્પાની પરમિશન લેવાની ?" વિહાન એક શ્વાસે બોલી ગયો.

"વિહાન, આઈ નો. પણ..." કબીર બોલવાનું પૂરું કરે એ પહેલા વિહાને એને કાપતા કહ્યું, "મને સમજાતું નથી. હું ગ્રોન અપ છું. કોઈ ગર્લને મળું, ડેટ કરું એમાં શું ખોટું છે ? બધા કરે છે. આ ઓલ્ડ ફેશન્ડ પેરેન્ટ્સ ક્યારે સમજશે ?" વિહાનનું ફ્રસ્ટ્રેશન નીકળવાનું ચાલુ જ હતું.

"ફર્ગેટ ઈટ યાર ! એક કામ કર, તું હમણાં મારા ઘેર આવી જા. એક મસ્ત જગ્યાએ જવાનો પ્લાન છે. તુંય ચલ, રિલેક્સ થઈ જઈશ." કબીરે વિહાનને શાંત પાડતા કહ્યું. વિહાનને આ સજેશન ગમ્યું. એણે ફોન મૂક્યો. તૈયાર થઈને ઘરની બહાર નીકળી ગયો. જતા જતા મોટેથી પેરેન્ટ્સને કહ્યું, "કબીર સાથે બહાર જાઉં છું. મારો પીછો ના કરતા પ્લીઝ."

કબીરના ઘરે પહોંચતા જ કબીરે બાઈક કાઢ્યું અને બન્ને નીકળ્યા. બાઈક એક બિલ્ડીંગ નીચે પાર્ક કર્યું. લિફ્ટમાં પહેલા માળે ગયા. ત્યાં બહાર બહુ બધા ચંપલ અને શૂઝ હતા. કબીર હાથ પકડીને વિહાનને અંદર લઈ ગયો. વિહાને જોયું તો એની જ ઉંમરના ઘણા છોકરાં - છોકરીઓ ત્યાં બેઠા હતા અને વાતો ચાલુ હતી. વિહાન હોલમાં પાછળ બેસવા જતો હતો, ત્યાં કબીર એને આગ્રહથી આગળ લઈ ગયો.

"આ કઈ જગ્યા છે ?" વિહાને પૂછ્યું.

"યુથ કેમ્પ, વિથ નીરુમા." કબીરે કહ્યું અને મોઢા પર આંગળી દાબીને ચૂપ રહેવા કહ્યું. એક છોકરો નીરુમાને કંઈક પૂછી રહ્યો હતો, જેને સાંભળીને વિહાનના કાન સરવા થયા.





વિહાન હોલમાં પાછળ બેસવા જતો હતો, ત્યાં કબીર એને આગ્રહથી આગળ લઈ ગયો.

"આ કઈ જગ્યા છે ?" વિહાને પૂછ્યું.

"યુથ કેમ્પ, વિથ નીરુમા." કબીરે કહ્યું અને મોઢા પર આંગળી દાબીને ચૂપ રહેવા કહ્યું. એક છોકરો નીરુમાને કંઈક પૂછી રહ્યો હતો, જેને સાંભળીને વિહાનના કાન સરવા થયા.

# જ્ઞાની વિથ યુથ




(મિત્રો, આ સત્સંગ નીરુમાએ ઈંગ્લીશમાં કર્યો છે. તમે એને નીચે વાંચી શકો છો, અથવા આ લિંક ઉપર ક્લિક કરીને વિડીયો નિહાળી પણ શકો છો.

https://youtu.be/8EAJELEFDLU

**પ્રશ્નકર્તા :** મને એક પ્રશ્ન છે, કે શું ડેટ કરવું એ ખરાબ છે ? ડેટિંગ કરવામાં કોઈ પ્રોબ્લેમ છે ?

**નીરુમા :** મને કહે કે ડેટિંગની કરેક્ટ ડેફિનેશન (વ્યાખ્યા) શું છે ?

**પ્રશ્નકર્તા :** હું ચોક્કસપણે સમજુ છું કે આપણે બને એટલા ઓછા [કર્મના] બીજ નાખવા માગીએ છીએ, પણ કદાચ એમાંથી જ આપણે એટ એ ટાઈમ સારા કર્મ પણ બાંધી શકીએ !

**નીરુમા :** પહેલા, તું મને એ ક્લિઅર કર કે ડેટિંગનો અર્થ શું છે ? બધા ડેટિંગમાં શું કરે ?


**પ્રશ્નકર્તા :** સ્ટ્રિક્ટલી ફ્રેન્ડશિપ જેવું, રિલેશનશીપ જેવું, યૂ નો ?

**નીરુમા :** ઓ.કે, ફ્રેન્ડશિપ, ફક્ત ફ્રેન્ડશિપ અને તેય ક્લીન ફ્રેન્ડશિપ. પણ શું બધા ક્લીન ફ્રેન્ડશિપ રાખે છે કે એનાથી આગળ વધે છે ? એટલે એ મેન પોઈન્ટ છે. ક્લીન ફ્રેન્ડશિપ હોય તો બરાબર છે પણ જો તે ક્લીન ફ્રેન્ડશિપ ન હોય, તો એનો અર્થ એ કે તમે ડેટિંગની વ્યાખ્યાને વળગી રહ્યા નથી. શું થાય છે, ધારો કે તું હમણાં એક છોકરીને ડેટ કરે છે, છ મહિના પછી તું બીજી છોકરીને ડેટ કરીશ. પછી એક છોકરીને છોડીને તું બીજી, ત્રીજી, ચોથી છોકરી જોડે શરૂ કરીશ અને આ ચક્કર ચાલ્યા જ કરશે. એમાં તું છોકરીની લાગણીઓ અને અટેચમેન્ટ સાથે રમે છે અથવા તું અપસેટ થાય છે. જ્યારે તું એક છોકરીને છોડી દે છે અને એટલે તું બીજી છોકરી પાસે જાય છે. આ બધું શેના માટે, આનો શું અર્થ છે ? મને નથી લાગતું કે તારે આવી રીતના ડેટિંગની જરૂર છે. તારી આ નાની ઉંમરે, તારે ભણવાનું છે. જો તારે એક ગર્લ ફ્રેન્ડ હોય, તો એકને પકડી રાખ, બસ ! અને પછી એ જ છોકરી સાથે લગ્ન કર, એ બરાબર છે. પણ ફક્ત મજાને ખાતર ગર્લ ફ્રેન્ડ બદલ્યા કરવી, ને આમ ને તેમ કરવું, એ બરાબર નથી.

**પ્રશ્નકર્તા :** આમ કરવાના કોઈ ખરાબ ઈફેક્ટસ હોય, કર્મના ચાર્જિંગની દ્રષ્ટિએ ? અને એનાથી આપણા આવતા ભવને અસર થાય ?

**નીરુમા :** હા, ચોક્કસ. ધારો કે તું એક છોકરી સાથે બધું કર્યા પછી એને છોડી દે, તો એને બહુ ખરાબ લાગશે. એને દુઃખ થશે, એ રડશે કે "ઓહ, એણે મને છોડી દીધી, હવે હું શું કરીશ ?" હવે એનાથી ખરાબ કર્મો બંધાય છે, બહુ ખરાબ કર્મો. મેં ઘણી છોકરીઓ જોઈ છે, એ એમની આવી ફ્રેન્ડશિપ તૂટી જાય પછી ભારે ડિપ્રેશનમાં જાય છે.

આ બધું શાના માટે ? ઓફ કોર્સ, જો તારે ફ્રેન્ડ જોઈએ છે તો એક ફ્રેન્ડ રાખ પણ એની સાથે છેલ્લે સુધી ફ્રેન્ડશિપ નભાવ, એને બદલ નહીં. પણ આના જેવું નહીં કે તું એક છોકરીને લાઈક કરે, પછી એને છોડી દે, પછી બીજી સાથે જાય, પછી એનેય છોડી દે, એવું ન હોવું જોઈએ. આપણે કંઈ ગાય અને કૂતરા જેવા જાનવર નથી !




**પ્રશ્નકર્તા :** તો તમે એમ કહેવા માગો છો હું એક છોકરીને મળું (ડેટ કરું), પછી એ એજ છોકરી હોવી જોઈએ જેની સાથે હું લગ્ન કરું, અને મારે બીજી કોઈ છોકરીને મળવાનું નહીં ?

**નીરુમા :** હા, એ જ તો મેં કહ્યું. કોઈને દુઃખ ન આપો. અને ઉતાવળ ન કરો. ખાલી ફ્રેન્ડશિપ મેઈન્ટેઈન કરવી. અને આ ઉંમર નથી... ૧૯ વર્ષે કંઈ ઉંમર નથી લગ્ન માટે છોકરી શોધવાની ને આમ તેમ. ખાલી નોર્મલ વાતચીત કરવાની અને સારી ફ્રેન્ડશિપ રાખવાની, એનાથી આગળ કશું જ નહીં. અડાઅડીનો ધંધો નહીં, ખાલી ફ્રેન્ડ. ફ્રેન્ડ એટલે ફક્ત અને ફક્ત ફ્રેન્ડ. એટલે સુધી ફ્રેન્ડશિપ માન્ય છે, તેનાથી વધુ નહીં. આનું પાછું ઊંધું ના લેતા કે નીરુમાએ ફ્રેન્ડશિપ માટે હા પાડી છે, એટલે અમને જેમ કરવું હોય એમ કરીશું. ઘણા મિસયુઝ (દુરુપયોગ) કરે છે. ફક્ત ફ્રેન્ડશિપ હોવી જોઈએ. ફ્રેન્ડશિપ શું છે ? ફક્ત ફ્રેન્ડશિપ, બસ. એથી આગળ કશું નહીં, અડાઅડી નહીં, બીજું કંઈ જ નહીં. તમે બે જ એકાંતમાં હો ત્યારે વાતચીત નહીં. ફ્રેન્ડસના ટોળામાં જ રહો એ બરાબર છે. તને ખબર હોય કે આ છોકરી એક



કે બે વર્ષમાં તને છોડીને જતી રહેવાની છે અને પછી એની સાથે તું ખાલી મજા કરે, એનો શું અર્થ છે ?

**પ્રશ્નકર્તા :** એ પોસિબલ નથી, નીરુમા.

**નીરુમા :** શું પોસિબલ નથી ?

**પ્રશ્નકર્તા :** અડાઅડી વગર ફ્રેન્ડશિપ.

**નીરુમા :** તો, એ સાચી ફ્રેન્ડશિપ નથી, એ ક્લીન ફ્રેન્ડશિપ નથી. ના, આ તો અગ્નિ અને પેટ્રોલ જેવું છે, બન્નેને ભેગા કેવી રીતે રખાય ? એટલે, એના કરતા બેટર છે કે તું ભણવામાં પૂરેપૂરું ધ્યાન આપ, એના માટે મહેનત કર, તારી કરિયર બનાવ. તું ગર્લ ફ્રેન્ડ ને એ બધામાં પડે એના માટે તારે હજી ઘણી વાર છે. એ બધું અત્યારે નહીં, પછી કરજે. નહિતર તું તારી કરિયર બગાડીશ, તું દુઃખી થઈશ અને એને પણ દુઃખ થશે. કારણ વગર સમય પહેલા ફાઈલો વધારવાની.

**પ્રશ્નકર્તા :** પણ એક્ચુઅલી, જ્યારે અમે સ્કૂલમાં હોઈએ, ત્યારે બધાને આ એક જ વસ્તુ કરતા જોઈએ છીએ, ડેટિંગ. સાયકોલોજીકલી અમને ઈફેક્ટ (અસર) થાય છે. એ અમને પણ એવું ફીલ થાય કે અમારેય આવું કરવું છે. એના માટે તમારી પાસે શું સજેશન છે ?

**નીરુમા :** પણ છોકરાંઓ બીજા છોકરાંઓને અને છોકરીઓ બીજી છોકરીઓને ફ્રેન્ડ બનાવી શકે છે, પણ ખાલી ફ્રેન્ડશિપ, ક્લીન ફ્રેન્ડશિપ. મારે પણ ફ્રેન્ડ્સ હતા પણ એ લોકો ખાલી ફ્રેન્ડ્સ હતા, વાતોચીતો પૂરતા જ.

**પ્રશ્નકર્તા :** દરેકને સ્કૂલમાં ગર્લ ફ્રેન્ડ હોય છે.

**નીરુમા :** પણ સ્કૂલમાં ગર્લ ફ્રેન્ડ સાથે કરવાનું શું ? મને સમજાતું નથી.

**પ્રશ્નકર્તા :** વાતોચીતો.


**નીરુમા :** ને પછી તું કહે છે કે ક્લીન ફ્રેન્ડશિપ... [બીજા છોકરાંને] તું શું કહે છે, તારે ગર્લ ફ્રેન્ડ છે ?

**પ્રશ્નકર્તા :** હું ડેટ નથી કરતો.

**નીરુમા :** હજી સુધી નથી.

**પ્રશ્નકર્તા :** હું એમની સાથે વાતો કરું છું. હું ગર્લ્સ સાથે વાતો કરું છું પણ હું એમને કિસ કે એવું કશું નથી કરતો. હું ગર્લ્સ સાથે વાતો કરું પણ એમને ડેટ નથી કરતો.

**નીરુમા :** ઈફ યૂ સ્ટાર્ટ કિસિંગ, યોર સ્ટડીઝ વિલ બી મિસિંગ ! (જો તું કિસ કરવાનું શરૂ કરીશ, તો તારું ભણવાનું ચૂકી જઈશ.) હા, તું વાતો કર, એની અમે ના નથી પાડતા. તું ફ્રેન્ડ્સ રાખી શકે પણ જસ્ટ બી ફ્રેન્ડ્સ, એનાથી વધારે કંઈ નહીં.




**પ્રશ્નકર્તા :** ઓકે. પણ ઘણી વખત, [ગર્લ ફ્રેન્ડ સાથે] રિલેશનશીપ હોય તો લાઈફ વિશે ઘણું શીખવા મળે છે. તમને શીખવા મળે કે કઈ રીતે રિલેશન્સ વર્ક કરે છે, અને હેપી મેરેજ માટે એ બધું જરૂરી છે. ખાલી એક્સપિરિયન્સ (અનુભવ) કરવા માટે. વાતચીતના વ્યવહાર પૂરતું, ખાલી રિલેશનશીપ. હું એથી વધારે રિલેશનની વાત નથી કરતો. ખાલી વાતચીતના સંદર્ભમાં પૂછું છું કે એકબીજા સાથે કેવો મેળ પડે છે, ને એકબીજાને સાથે કેવો વ્યવહાર કરવો.

**નીરુમા :** તું તારા પેરેન્ટ્સ પાસેથી નથી શીખતો, એ લોકો કઈ રીતે રિલેશન સાચવે છે ?

**પ્રશ્નકર્તા :** ના, પણ પેરેન્ટ્સની જનરેશન કેવી હતી અને મારા માટે એ કેવું હશે, એ બન્ને મને ખબર છે કે એકદમ અલગ જ છે.

**નીરુમા :** પણ, તારા માટે એવા એક્સપિરિયન્સ કરવાનો આ રાઈટ ટાઈમ નથી. તું ખાલી ભણવાનું કર, આ ટાઈમ ભણવાનો છે. જ્યારે તું જ્યારે ચોવીસ-પચ્ચીસ વર્ષનો થાય, ત્યારે લગ્ન કરવાનું નક્કી કરજે. એટલે પચ્ચીસ વર્ષ સુધીની ઉંમર ફક્ત ભણવા માટે છે. [અને પછી] એક્સપિરિયન્સ કરવા અને આ બધા માટે છ મહિના કે એક વર્ષ ઈનફ (પૂરતા) છે. અત્યારે કેમ ભણવાનો ટાઈમ બગાડે છે ? અને જો તું એક છોકરી સાથે... તું અનુભવ કરવા જાય, અને પછી તું કહે કે "આ છોકરી સારી નથી, હવે હું બીજી ગર્લ ફ્રેન્ડ કરીશ." તો આનો કોઈ અંત છે ? જો તમે ભણવાનું પૂરું કર્યા પછી ડેટ કરો...

**પ્રશ્નકર્તા :** હા, ભણવાનું પતે પછી.

**નીરુમા :** હા, જ્યારે ભણવાનું પતે અને તું લગ્ન કરવા રેડી હોય, ત્યારે તું મેચ શોધવાનું શરૂ કરજે. અને જો કોઈ તને મળી જાય, પછી તું એને ડેટ કરજે. એકવાર જો તું કોઈ છોકરીને ડેટ કરે અને તને એ છોકરી ગમે... જો એ તને ગમે, પણ એને અડવાનું નહીં. તને એ ગમે, તું એને સમજે, એને સારી રીતે ઓળખે, પછી એ જ છોકરી સાથે લગ્ન કરજે. સમજાય છે આ વાત ?

**પ્રશ્નકર્તા :** મને નથી ખબર. હું કહી ના શકું. લેટ્સ ફર્ગેટ ઈટ (વાતને રહેવા દઈએ).

**નીરુમા :** તું એને અડાઅડી કર્યા વગર સમજી ના શકે ? તારે એના વિચારો, એની પસંદ સમજવાના છે.


**પ્રશ્નકર્તા :** પણ ટચ કર્યા વગર મને કઈ રીતે ખબર પડે કે એ છોકરી મને ગમે છે કે નહીં ?

**નીરુમા :** એ રીતે જ ખરેખર તમે એકબીજાને સાચી રીતે સમજી શકો. તમારા બન્ને વચ્ચે કોઈ ફિઝિકલ રિલેશન નહીં હોય, તો જ ત્યાં સાચો પ્રેમ હશે. નહિતર એ ખાલી ફિઝિકલ અટ્રેક્શન (શારીરિક આકર્ષણ) હશે. આ બન્ને જુદી વસ્તુ છે. ફિઝિકલ અટ્રેક્શન બહુ જ ક્ષણિક હોય છે અને જ્યારે તું એને સમજે છે, એના સ્વભાવને, એની હોબીઝને ઓળખે છે, એનો સ્નેહ, પ્રેમાળ સ્વભાવ, આ બધી બાબતો જાણે છે: આ વધારે મહત્વનું છે, ફિઝિકલ ટચ કે પસંદ કરતા.

**પ્રશ્નકર્તા :** તમે બધા એવું કહેતા હો છો કે લગ્ન પહેલા કોઈ શારીરિક સંબંધ ના હોવો જોઈએ, કેમ કે અમારે પ્યોર રહેવાનું છે.

**નીરુમા :** હા, બરાબર છે.

**પ્રશ્નકર્તા :** પણ આ ટીનેજમાં, એવો પાર્ટનર શોધવાનું લગભગ ઈમ્પોસિબલ છે, કે જેણે પહેલા કોઈ બોય્ઝ સાથે ઈન્ટરેકશન ના કર્યું હોય કે ડેટ ન કર્યું હોય. હું મજાક નથી કરતો, સાચું કહું છું.




**નીરુમા :** જો તું ભલે અમેરિકામાં રહું છું પણ એ ના ભૂલીશ કે મૂળ ઈન્ડિયન છું, આપણી સંસ્કૃતિ ઈન્ડિયન છે અને...

**પ્રશ્નકર્તા :** ના ના, હું ઈન્ડિયાની છોકરીઓ વિશે જ વાત કરી રહ્યો છું.

**નીરુમા :** કોઈકે હમણાં એવું કહ્યું કે આ ઈન્ડિયા નથી. શેના માટે ?

**પ્રશ્નકર્તા :** હું એ કહેવા માગું છું કે મેરેજ પહેલા એવી વ્યક્તિ શોધવાનું ડિફિકલ્ટ છે કે જેણે પહેલા બીજા કોઈ સાથે ડેટ ન કર્યું હોય. મને કોઈ પાર્ટનર મળે, એણે પહેલા કોઈ સાથે ડેટ કરેલું હોય, તો મને પ્યોર પાર્ટનર કઈ રીતે મળી શકે. ઈન્ડિયામાં પણ બધું વધારે વેસ્ટર્નાઈઝ થઈ રહ્યું છે. હું બોલીવુડ મૂવિઝ જોઉં, તો એ લોકો એવું ઘણું બધું કરી રહ્યા છે, જે અમે [વેસ્ટર્ન] મૂવિઝમાં જોઈએ છીએ, અને એનાથી લોકો ઈન્ફ્લુઅન્સ થાય છે (પ્રેરાય છે).

**નીરુમા :** ના, પણ જો તું પ્યોર છું તો ચોક્કસ તને પ્યોર છોકરી મળશે, એ તો બધું વ્યવસ્થિત શક્તિનો નિયમ છે. જો તું પ્યોર છું અને તને પ્યોર પાર્ટનર જોઈએ છે તો ચોક્કસ તને પ્યોર પાર્ટનર મળશે, એ હકીકત છે.



અહીંયા [સત્સંગમાં] પણ ઘણા છોકરાંઓ અને છોકરીઓ છે, તેઓ ખરેખર પ્યોર છે. તેમની પાસે અમુક એવા સંસ્કાર અને વેલ્યૂઝ છે. તને ડેફિનિટલી પ્યોર પાર્ટનર મળશે. અને આ બધું કેવું છે કે પ્યોર છોકરી, પ્યોર છોકરો મળે એવું પસંદ કરશે અને પ્યોર છોકરો, પ્યોર છોકરી મળે એવું પસંદ કરશે. એટલે તેમને બીજા છોકરાં-છોકરીઓ સાથે મેળ જ નહીં પડે. એટલે પછી એવું થશે, વ્યવસ્થિત શક્તિ એમને ભેગા કરી દેશે.

એટલે જ્યારે તમને કોઈ ગર્લ ફ્રેન્ડ કે બોય ફ્રેન્ડ જોઈએ છે... તો તું ભણવાનું પૂરું કર્યા પછી, કોઈ મેચ શોધજે, અને એ છોકરીના ટચમાં રહેજે. પેલો અડાઅડીવાળો ટચ નહીં, હં ! એને સમજવાનો ટ્રાય કર. એ તને સમજવાનો ટ્રાય કરે, એકબીજાને થોડો સમય આપ. આજકાલ આ ઈમેઈલ ને ચેટ બોક્સ અને બીજા મીડિયા છે એટલે અડાઅડીનો કોઈ પ્રશ્ન જ નથી. અને જ્યારે તને લાગે તમારા વિચારો મળતાં આવે છે, તમે એકબીજાને અપ્રીશિએટ કરી શકો છો, એકબીજા અને એકબીજાના ફેમિલી માટે લાગણી છે, એમ બધું સરસ હોય, તો પછી તે ફ્રેન્ડશિપમાં આગળ વધ. અને એકવાર તું ફ્રેન્ડશિપ શરૂ કરે, પછી એ જ ફ્રેન્ડશિપને વળગી રહેવાનું. અને તને એ છોકરી ગમે, પછી તારે લગ્ન કરવા હોય, તો એની જ સાથે લગ્ન કરવાના. પણ લગ્ન પહેલા એથી આગળ કોઈ સંબંધ નહીં.

**પ્રશ્નકર્તા :** આ બાબતમાં એવું સ્ટ્રોંગ અમે કઈ રીતે બનીએ ?

**નીરુમા :** સ્ટ્રોંગ બનવું, શક્ય છે. તમે મનુષ્ય છો, પશુ નથી. તમે માનવ છો, માનવમાં આટલી તો શક્તિ હોય જ. અને તમારું બધું અટેન્શન (ધ્યાન), તમારું ચિત્ત ભણવામાં અને કરિયર બનાવવામાં વાળો. તેનાથી ઘણો ફરક પડશે. બીજું ફ્રેન્ડસની બાબતમાં અગત્યનું એ છે કે તમારે ફ્રેન્ડસ બહુ કાળજીપૂર્વક પસંદ કરવા, એમની વિચારસરણી તમને મળતી હોય. જો તમારા ફ્રેન્ડસ [ચારિત્રના] નબળા હશે, તો તમે પણ નબળા થઈ જશો.

**પ્રશ્નકર્તા :** અને જો મેં પહેલા ડેટિંગ કર્યું હોય તો હવે મારે શું કરવું જોઈએ ?


**નીરુમા :** એ બંધ કર, અને નક્કી કર કે હું ફરી આવું નહીં કરું. ભણવામાં ધ્યાન આપ, અને લગ્ન કરવા માટે યોગ્ય સમય આવે ત્યાં સુધી રાહ જો.


**પ્રશ્નકર્તા :** એક વસ્તુ મેં નોટિસ કરી છે કે હું જ્યારે કોઈની સાથે ડેટિંગ કરું છું, ત્યારે મારી એકાગ્રતા પૂરેપૂરી જતી રહે છે. તેનું કારણ શું ?

**નીરુમા :** એવું જ હોય ! જ્યારે તું ભણવા બેસે, ત્યારે ચોપડીના પાના પર તને એ છોકરીનો ચહેરો દેખાય, એ તારી સાથે વાત કરતી હોય, તને સ્માઈલ આપતી હોય, નખરા કરતી હોય, એવી તને કલ્પના થાય. એવું જ થતું હોય છે.

**પ્રશ્નકર્તા :** પણ જો હું એવી છોકરી સાથે લગ્ન કરું કે જે પ્યોર હોય અને જો મેં પહેલા ડેટિંગ કર્યું હોય, તો શું એ મારો દોષ છે ?

**નીરુમા :** ના, ફક્ત એટલું જ કે લગ્ન પહેલા, જે છોકરી સાથે તું લગ્ન કરવાનો હોઉં, એને કહી દેવાનું કે મારી લાઈફમાં આવું હતું અને જો હું તને હજુય પસંદ હોઉં, તો આપણે આગળ વધીએ અને લગ્ન કરીએ. ઓપન રહો, કશું છૂપાવો નહીં, તો એ બરાબર છે.




અનસિન્સિઅર
લાઈફ ઈઝ
વાઈલ્ડ લાઈફ
- પરમ પૂજ્ય દાદાશ્રી

# Youth

## Experience





હું ઓગણીસ વર્ષની હતી. યંગ એજ, નવી નવી કોલેજ, નવું ફ્રેન્ડ સર્કલ, લાઈફમાં થનગનાટ હતો. કોલેજના ફ્રેન્ડ્સમાં બોય્સ અને ગર્લ્સ સાથે રહેતા. ફ્રેન્ડ્સ સાથે સ્ટડીઝ કરવાનું, સાથે સાથે બહાર ફરવા જવાનું, મૂવિ જોવાનું, રેસ્ટોરેન્ટમાં જમવાનું એ મારી નોર્મલ લાઈફ હતી. મારા ફ્રેન્ડ-સર્કલમાં જ એક છોકરો હતો. અમારી ફ્રેન્ડ્સની વાતોમાં હું જે કાંઈ શેર કરું એમાં મારી શું ચોઈસ છે, મને શું ગમે એ બધું, એ મને ખબર પણ ના પડે એ રીતે નોટ કરી રાખે. પછી ટાઈમ આવે ત્યારે એ મને પસંદ હોય એવું જ બધું કરે. એટલું જ નહીં, એણે મારા ઘરે આવીને પેરેન્ટ્સ સાથે પણ સારા રિલેશન કરી નાખ્યા. ધીમે ધીમે મને સમજાયું કે એને ફ્રેન્ડશિપથી આગળ જવાની ઈચ્છા છે, અને મને પણ આ બધું ગમવા લાગ્યું.

શરૂઆત થઈ ફોન પર લાંબી લાંબી વાત કરવાથી. પછી ધીમે ધીમે અમે બન્નેએ એકલામાં બહાર મળવાનું શરૂ કર્યું. મારા ઘરમાં પેરેન્ટ્સ આમ ઓપન માઈન્ડના પણ મારી ઉંમર હજુ નાની. એમાં એમને ખબર પડે કે મારો બોય ફ્રેન્ડ છે તો એમને નહીં ગમે. એટલે એમને જાણ ન થાય, હું પકડાઈ ન જાઉં એ ડરથી કોઈ ને કોઈ બહાના બતાવીને હું ઘરમાંથી એને મળવા નીકળી જતી. એ વખતે મારું જે ફ્રેન્ડ સર્કલ હતું એમાં બધા જ આમ ચોરીછૂપી રીતે ડેટ કરતા હતા. મને થતું કે બધા ડેટિંગ કરે છે, એમાં શું ખોટું છે ? મારી ઉંમર અઢાર તો થઈ ગઈ છે એટલે ઈલલીગલ પણ નથી ! ફ્રેન્ડ્સનો સપોર્ટ હતો એટલે ચોરીછૂપી રીતે મળવાનું પણ ઈઝી થઈ જતું. આમ ને આમ લગભગ દોઢ બે વર્ષ અમે મજા કરી. અમારો બન્નેનો મેરેજ કરવાનો કે એવો કોઈ પ્લાન નહોતો. એકબીજાને મળવાનું ગમતું એટલે અમે ડેટ કરતા. લોકો કહે કે નાની ઉંમરે ભણવાનું બગાડીને ડેટિંગ નહીં કરવું, પણ મારા ભણવામાં કોઈ જ ખરાબ ઈફેક્ટ નથી આવતી એવું મને લાગતું.

પછી એક દિવસ મને ખબર પડી કે એ છોકરાની તો મારા સિવાય પણ બીજી ગર્લ ફ્રેન્ડ છે ! મારા પગ નીચેથી જમીન સરકી ગઈ. એ વખતે ગ્રુપના બધા ફ્રેન્ડ્સ એના પક્ષમાં જતા રહ્યા. એમાંથી કોઈ મારી સાથે નહોતું ઊભું રહ્યું. પછી મને સમજાયું કે મેં જે ફ્રેન્ડ સર્કલ પસંદ કર્યું હતું એમાં બધા જ આવા હતા. ખરેખર, ત્યારે હું કોઈ એક વ્યક્તિથી નહીં, આખા ગ્રૂપથી છેતરાઈ ! થયું એવું હતું કે મારા નાનપણના ફ્રેન્ડ્સ બધા ભણવા બહાર જતા રહ્યા, વિખરાઈ ગયા. હું એકલી પડી ગઈ હતી. એ વખતે આ ગ્રુપ સાથે ફ્રેન્ડશિપ થઈ. આ જ ગ્રુપમાં જ એક છોકરી જેને હું મારી બેસ્ટ ફ્રેન્ડ માનતી હતી, મારા બ્રેકઅપ પછી એ જ છોકરા સાથે ડેટ કરવા લાગી. હું પણ મૂર્ખ હતી કે છોકરાની અમુક હરકતો મારી આંખો સામે જ થતી હતી પણ મને દેખાઈ જ નહીં. જે છોકરો ઘરથી રાત-રાત બહાર રહેતો હોય, ફ્રેન્ડ્સ સાથે સ્મોક કરતો હોય, મા-બાપને ન ગાંઠતો હોય અને બીજી છોકરીઓ સાથે ફ્લર્ટ કરતો હોય, એના પર મેં કઈ રીતે ભરોસો કરી નાખ્યો ? એ જ મને ન સમજાયું.

હું તૂટી ગઈ. ભલે અમે મેરેજ વિશે કંઈ વિચાર્યું નહોતું, પણ હું ઈમોશનલી તો એનાથી બહુ જ અટેચ હતી. દિવસ-રાત હું રડ્યા કરતી. શરૂઆતમાં મને બહુ ગુસ્સો આવ્યો, પછી થયું કે મારી જ ભૂલ હતી. મને એમ હતું કે મારા જેવી સ્માર્ટ અને ગુડ લૂકિંગ છોકરી સાથે કોઈ ચીટ ના જ કરી શકે. પણ હવે રિયલાઈઝ થયું કે આટલી નાની ઉંમરે હું ડેટ કરવા નીકળી એ જ મારી ભૂલ હતી. હું પોતે લગ્નના કમિટમેન્ટ સાથે નહોતી મળતી, તો સામા પાસેથી એવી એક્સપેક્ટેશન કેવી રીતે રાખી શકું ? ત્યારે મારું સ્ટડીઝ, મારી કરિયર બધું અફેક્ટ થવા લાગ્યું. એ દિવસો યાદ કરતા જ મને ધ્રુજારી આવી જાય છે. પણ એ ચેપ્ટર પણ પૂરું થયું. અને લગભગ બે વર્ષ પછી બીજું એક તોફાન મારી લાઈફમાં આવ્યું.





થોડા વખત પછી મારા સંતાડેલા કાર્ડ્સ મમ્મીના હાથમાં આવ્યા અને ઘરમાં ખબર પડી કે મારો બોય ફ્રેન્ડ હતો જેને હું ચોરીછૂપીથી મળતી હતી. હમણાં એ છોકરા સાથે કોઈ રિલેશન નહોતો. પણ ચોરી પહેલા કરી હતી અને પકડાઈ હું આજે. પેરેન્ટ્સને બહુ જ આઘાત લાગ્યો કે હું એમનાથી છૂપાવીને બોય ફ્રેન્ડ સાથે બહાર ફરવા જતી હતી. શરૂઆતમાં એ લોકો ગુસ્સે પણ થયા. કારણ કે એમણે સંસ્કાર આપવામાં કશું બાકી નહોતું રાખ્યું પણ મેં એમની સાથે દગો કર્યો. મને મારી ભૂલ સમજાઈ, બહુ શરમ આવી. કશું બોલવાની હિંમત નહોતી એટલે મેં લખીને માફી માગી અને કહ્યું પણ ખરું કે કઈ રીતે એણે મારી સાથે ચીટ કર્યું. પેરેન્ટ્સને છેતર્યા એની ગિલ્ટમાં ને ગિલ્ટમાં હું વધારે ડિપ્રેસ થવા લાગી. ફાઈનલ એક્ઝામ માથે હતી પણ ભણવામાં મારું મન નહોતું લાગતું.

પણ મને નવાઈ એ વાતની લાગી કે પેરેન્ટ્સ તરત જ નોર્મલ થઈ ગયા ! ઊલટું મેં માફી માગી પછી તો એમનો પ્રેમ મારા પર વધી ગયો. હું ડિપ્રેસ રહું તો એ લોકો સામેથી મને કહેતા કે "થવાનું હતું એ થઈ ગયું, હવે ફરી આવી ભૂલ ના કરીશ." એ લોકોએ મને એટલી બધી સાચવી લીધી કે વાત ન પૂછો. આપણી ભૂલ સાથે આપણને ઘરના લોકો જ સ્વીકારી શકે, એવું મને ત્યારે રિયલાઈઝ થયું. મને સમજાયું કે આખી દુનિયામાં પેરેન્ટ્સ જ આપણા પોતાના છે, બીજું કોઈ આપણું પોતાનું નથી. કોઈ આપણું હિત નથી જોતું. પછી મેં નક્કી કર્યું કે આખી લાઈફ હું પેરેન્ટ્સને ક્યારેય નહીં છેતરું અને એમનાથી છૂપાવીને કોઈ કામ નહીં કરું.

# દાદાશ્રીના પુસ્તકની ઝલક



**પ્રશ્નકર્તા :** ઈઝ ડેટીંગ એ સીન ? ડેટીંગ એટલે આ લોકો, છોકરીઓ છોકરાંઓ સાથે જાય બહાર અને છોકરાંઓ છોકરીઓ સાથે બહાર જાય, તો એ પાપ છે ? એમાં કંઈ વાંધો છે ?

**દાદાશ્રી :** હા. છોકરાંઓ સાથે ફરવાની ઈચ્છા થાય તો લગ્ન કરી લેવું. પછી એક જ છોકરો નક્કી કરવો. એક નક્કી થયેલો હોવો જોઈએ. નહીં તો એવો ગુનો નહીં કરવો જોઈએ. જ્યાં સુધી લગ્ન ના થાય ત્યાં સુધી આપણે છોકરાંઓ જોડે ફરવું નહીં જોઈએ.

**પ્રશ્નકર્તા :** અહીંયા તો એવું છે કે છોકરાં-છોકરીઓ ચૌદ વર્ષના થાય એટલે પછી બહાર જાય ફરવા. પછી છે તો મેળ પડે. એમાંથી આગળ પણ વધે. એમાં પછી કોઈને કંઈક બગડી જાય, એકબીજાને મેળ ના પડે તો પાછા બીજા છોકરાં જોડે ફરે. પછી એની જોડે ના પડે તો ત્રીજા, એમ કરતું ચક્કર ચાલે અને એકસાથે બે-બે, ચાર-ચાર જણાં જોડેય ફરે.

**દાદાશ્રી :** ધેટ ઈઝ અ વાઈલ્ડનેસ, વાઈલ્ડ લાઈફ !

**પ્રશ્નકર્તા :** તો શું કરવું એ લોકોએ ?

**દાદાશ્રી :** એક છોકરાને સિન્સિઅર રહેવું જોઈએ અને છોકરો આપણને સિન્સિઅર રહે, એવી લાઈફ હોવી જોઈએ. ઈનસિન્સિઅર્લી લાઈફ એ રોંગ લાઈફ છે.



**પ્રશ્નકર્તા :** હવે એમાં થાય એવું કે સિન્સિઅર કેમનો રહે ? એક છોકરા જોડે ફરતા હોય, પછી પાછું એમાંથી ઈનસિન્સિઅર્લી છોકરો થઈ જાય કે છોકરી થઈ જાય.

**દાદાશ્રી :** તો ફરવાનું જ બંધ કરી દેવું જોઈએ ને ! લગ્ન જ કરવું જોઈએ. આફ્ટર ઓલ વી આર ઈન્ડિયન. નોટ વાઈલ્ડ લાઈફ.

આપણે લગ્ન કર્યા પછી આખી જિંદગી સાથે સિન્સિઅર્લી રહીએ છીએ બેઉ સાથે. એટલે જો સિન્સિઅર્લી રહેવું હોય તો પહેલેથી બીજા માણસની ફ્રેન્ડશિપ નહીં હોવી જોઈએ. બહુ કડક રહેવું જોઈએ. એમાં કોઈ છોકરાં સાથે ફરવું નહીં જોઈએ અને ફરવું હોય તો એક છોકરો નક્કી કરો કે ભઈ આની સાથે લગ્ન કરીશ. મા-બાપને કહી દેવું કે હું લગ્ન કરીશ તો આની જોડે જ કરીશ, મારે બીજાની જોડે કરવું નથી. ઈનસિન્સિઅર લાઈફ ઈઝ વાઈલ્ડ લાઈફ.

# કવિતા

બાળપણ મૂકી જ્યારે ઉંમર ભાગે છે...
આજુ-બાજુ બધું એ જોવા લાગે છે...

ક્યાંક કો'ક વાત કરે છે સ્માઈલ દઈને...
કાં કોઈને અડી લીધું, હાઈફાઈ દઈને...

બધું જોયું, જોયુંને કદાચ મીઠું લાગ્યું....
મન આપણું પણ, એ બાજું ભાગ્યું ...

વાતો ચાલુ થતી બસ દોસ્તી કહીને...
ચિત્ત ભમતું, ફોટા દેખાતા રહી રહીને...

પછી અડાઅડી, મર્યાદા તોડે સઘળી...
ફરી બીજે વાત થાય, પેલી મૂકી પડતી...

અપેક્ષા ને વેર તણા ભારે કર્મબંધન...
કુસંગ સંગમાં મળે નહીં જ્ઞાન ચંદન...

ગંધાતા શરીર પાછળ આ કેવડી ખોટ ?
જાનવર જેવું જીવન, બડી ભારે ચોટ...



દાદાના યુવાનો દ્વારા